શ્રી

# ભદ્રાભામીની

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**કાઠિયાવાડી નાટક મંડળી.**

આવૃત્તિ પહેલી, પ્રત ૫૦૦૦


અમદાવાદ

શ્રી લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસમાં શા. મણીલાલ
ઉજરચંદે છાપી

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯


કીંમત રૂા. ૦-૨-૦

શ્રી

# ભદ્રાભામીની નાટકનો ટુંક સાર.

## વસ્તુ સંકલના.

### અંક ૧ લો.

પ્ર. ૧—કુમાર સવાઇવિક્રમ પોતાને યોગ્ય એક કન્યા શોધવા નીકળેલ છે તેના માજી તથા માલતી પણ સાથે છે. કુમારે એક સમસ્યા લખી છે તેના પ્રત્યુત્તર આપનારી કન્યાનેજ એ પરણનાર છે વળી કુમારની ઇચ્છા સ્ત્રીના શીયળની પરીક્ષા કરવાની હોવાથી તે પોતે પોતાના કારભારીના વેશમાં રહે છે અને કન્યાને પોતાના ખાસ જાતે પરણાવવાની છે. હજી સુધી કન્યા ન મળી તેની ચિંતા કરે છે ત્યાં રસિક આવે છે બન્ને મિત્રો ઘણે દિવસે મળે છે કુમાર રસિકને પોતાનો વિચાર જણાવે છે. રસિક તેને સ્ત્રીના શીયળની પરીક્ષા ન કરવા સમજાવે છે પણ વ્યર્થ. છેવટ વખત થઇ જવાથી સમસ્યા બોલતા બ્રાહ્મણ સાથે કુમાર તથા રસિક ગામ તરફ જાય છે

પ્ર. ૨—લતા મંડપ—ભદ્રા તથા તેની સખીઓ વૃક્ષ તથા વેલના સ્નેહ ઉપર ચર્ચા ચલાવે છે. ત્યા સુદર્શના કુમાર સાથે આવે છે. ભદ્રા સમસ્યા પૂર્ણ કરે છે. ને લગ્નનું નક્કી ઠરે છે.

પ્ર. ૩—ભદ્રાને સાસરે વળાવે છે. તેની મા સુદર્શના તેને યોગ્ય શીખામણ આપે છે.

પ્ર. ૪—મહારાજા વિક્રમની કચેરી. ગુરૂ સાથે વિક્રમનો સુખ દુઃખ સબંધી, વાદ વિવાદ. વિક્રમ પરદુઃખભંજન નામ સફળ કરવાની પ્રતિજ્ઞા લે છે.

પ્ર. ૫—ભદ્રા સ્વામીની છબી સાથે આનંદ કરે છે. ત્યા કુમારના કહેવાથી માલતી દાસી તરીકે આવે છે, અને ધીમે ધીમે કુમાર કે જેને તે હજી કારભારીજ જાણતી હતી, તેની સાથે પરિચય પાડવા કહે છે. પ્હેલા તો ભદ્રા ગ્હીડાય છે; પણ પોતાના પક્ષનું કોઇ ન જોવાથી હા પાડે છે, ને કોઇ યુક્તિ વાપરી છૂટી જવા ધારે છે. તેના ગયા પછી રસિક માલતી પાસે આવે છે. બાલક પતિની મશ્કરી ને બન્નેનો ઉછાછલો સ્નેહ.

પ્ર. ૬—શયન ગૃહ—ભદ્રા બેઠી હોય છે ત્યા કુમાર આવે છે. પ્હેલા તો તે તેને અપાય તેટલો બોધ આપે છે. એ સાભળી કુમારને છતા થવાની ઇચ્છા થાય છે, પણ વધારે ને વધારે પરીક્ષા કરવાની ઇચ્છાથી નથી થતો. છેવટ ભદ્રા બીજો કઇ ઉપાય ન ફાવવાથી, ખોટા હાવ ભાવથી કુમારને લુબ્ધ કરે છે, ને મદ્ય પાય છે કુમાર ઘેનમા પડે છે, એટલે ત્યાથી ન્હાસી જાય છે.

પ્ર. ૭—રાજા વિક્રમ તથા ચડતી પડતી વચ્ચે વાતચિત કાનીઓ ત્યા માથે લાકડાની ભારી લઇ આવે છે. વિક્રમ તેને સુખી કરવા ભારી ફેકાવી દઇ હાર આપે છે. રસ્તામા જતા કાનીઆના હાથમાથી સમળા ઝડપ મારી હાર ઝુટાવી લે છે. કાનીઓ પાછો આવે છે અને એને દુખી જોઇ વિક્રમ તેને વીંટી આપે છે. છૂટેલી ભદ્રા આવી પ્હોચે છે. રાજા તેને પુત્રિ કહે છે, ને તેના પીડક કુમારને પકડી લાવવા માણસો મોકલે છે.

પ્ર. ૮—કુમારને બનેલી વાતનુ ભાન થતા ઉપજતો પશ્ચાત્તાપ. પત્નિની સાથે પોતાની આબરૂ પણ ગઇ. તેથી અત્યંત ખેદ. તે ભદ્રા પાછળ જવાની ઇચ્છા કરે છે. રસિક તેને સમજાવે છે ત્યા વિક્રમના માણસો આવે છે, ને કુમાર તથા તેના વ્હાલાઓ પકડાય છે.

## અંક ૨ જો.

---

પ્ર. ૧—સવાઇવિક્રમનો ન્યાય થાય છે. એ કારભારી નહિ પણ પોતેજ ભદ્રાનો પતિ છે એમ જાહેર થાય છે. મહારાજા વિક્રમ, સવાઇવિક્રમને તથા ભદ્રાને પોતાને ત્યાં રાખે છે અને સવાઇવિક્રમને રાજ્યમા મોટો હોદ્દો આપે છે. વિક્રમ-ની રાણી પાછી પોતાના મહેલમા ચાલી જાય છે.

પ્ર. ૨—મહારાજા વિક્રમ દર્શન કરવા જાય છે. ત્યા કાનીઓ કઠીઆરો મળે છે. પાણી પીવા જતા તેની વીંટી નદીમા પડી ગઇ હતી તેથી તે રડે છે. રાજા તેને પોતાના ભંડારમાથી તેનાથી ઉપડે તેટલુ ધન લઇ જવા કહે છે.

પ્ર. ૩—ભદ્રા તથા માલતી તથા સખીઓનો હાસ્ય વિનોદ.

પ્ર. ૪—જગલમા એક યક્ષ તથા યક્ષણી વાત કરે છે, તે સાભળી સવાઇવિક્રમ યક્ષને પોતાની સ્ત્રી પાસે લઇ જવા વિનતી કરે છે. યક્ષ સવાઇવિક્રમને તેની પીઠ ઉપર બેસાડી લઇ જાય છે.

પ્ર. ૫—વિરહીણી ભદ્રા અને સવાઇવિક્રમનો મેલાપ. ભદ્રાની સાસુ તથા નણદ ભદ્રા ઉપર ખોટો વ્હેમ લાવી તેનો તિરસ્કાર કરી ઘર બહાર કાઢી મુકે છે.

પ્ર. ૬—કાનીઆનો ગૃહ સસાર. કાનીઆની પડતી હોવાથી તેનું ધન પાડોસણ લઇ જાય છે. છેવટ ચડતી દશા તેને મદદ કરે છે તેથી તેનો હાર, વીંટી તથા ધન બધું પાછું મળે છે. રાજા વિક્રમનો પણ ગર્વ ઉતરે છે.

પ્ર. ૭—સાસુએ કાઢી મુકેલી ભદ્રા ગામ બહાર જવા જતાં કિલ્લા-ની ખાઇમા પડી જાય છે. કેસર ગુણિકા તેને બચાવી પોતાના ઘરમાં રાખે છે.

# અંક ૩ જો.

પ્ર. ૧—યક્ષણીના મંદીરમાં વિક્રમ પોતાનો ભોગ આપવા આવે છે. સવાઇવિક્રમ આ બધું જોઇ જાય છે. પિતાને થતું દુઃખ અટકાવવા માટે તે પોતાનો ભોગ આપે છે. યક્ષણી પ્રસન્ન થઇ તેને મણી તથા અમૃત આપે છે.

પ્ર. ૨—સવાઇવિક્રમ મણી પોતાના બાપને આપે છે. વિક્રમને પોતાની સ્ત્રી તથા પુત્ર સાંભરે છે તેથી પોતે રાજ્યનો ત્યાગ કરવા ઇચ્છા જણાવે છે.

પ્ર. ૩—રસિક તથા માલતીનો પ્રેમ પ્રસંગ. માલતી પોતાના ભાઇને ભદ્રાના કુકર્મની ખબર આપે છે ભદ્રા નિર્દોષ છે એમ ખબર પડે છે. સવાઇવિક્રમ બન્નેને ઠપકો આપે છે.

પ્ર. ૪—કેસર ગુણિકાનુ ઘર ભદ્રાને ટીકરો અવતર્યો છે. કેસર ભદ્રાને નાચ શીખવા કહે છે પણ તે માનતી નથી તેથી કેસર તેના છોકરાને મરાવી નાખે છે.

પ્ર ૫—ભદ્રા છોકરાને શોધતી કેસરને પૂછે છે તે છોકરો પાછો આપવાની લાલચે ભદ્રા પાસે કચેરીમા નાચવા જવાની હા પડાવે છે

પ્ર. ૬—કેસરની દાસી ભદ્રાના છોકરાને દાટવા જાય છે ત્યા રાણી આવે છે. દાસી ઢોંગ કરી છોકરાને રાણીના ખોળામા આપે છે. પછી છોકરાને રાણીએજ મારી નાખ્યો એમ ઠરાવી રાણીને સીપાઇ પાસે પકડાવે છે.

પ્ર. ૭—સવાઇવિક્રમ ગાદીપર બેસે છે. ભદ્રા નાચવા આવે છે. રાણી પણ ત્યા આવે છે. યક્ષણી પ્રગટ થઇને ભદ્રાના છોકરાને સજીવનઃ કરે છે સર્વ વહાલાઓનો મેળાપ થાય છે. સર્વત્ર આનંદ છવાઇ રહે છે.

# પાત્રોનું લીસ્ટ.

## પુરૂષ વર્ગ.

વિક્રમ. -- ઉજેણીના પરદુઃખભંજન મહારાજા.

સવાઇવિક્રમ. — તેનો પુત્ર.

રસિક. — સવાઇ વિક્રમનો મિત્ર.

કાનીઓ. — એક કઠીઆરો.

## સ્ત્રી વર્ગ.

ભદ્રાભામીની .....સવાઇવિક્રમની સ્ત્રી.

સુમતી ......... ..વિક્રમની રાણી.

માલતી. ...........રસિકની સ્ત્રી.

પાતી..... ........ કાનીયાની સ્ત્રી.

કેસર—એક ગુણિકા

સિવાય દાસદાસીઓ, વારાંગનાઓ, સિપાહીઓ, દરબારી, બ્રાહ્મણ, ગુરૂ વિગેરે વિગેરે.

# ભદ્રા ભામીની

## નાટકનાં ગાયનો.

### અંક ૧ લો.

સૂત્રધાર— ૧

પરબ્રહ્મ પરમેશ્વર પુરૂષોત્તમ પરમાનંદ,
નંદનંદન આનંદકંદ જસોદાનંદ શ્રીગોવિંદ;
શ્રીગોવિંદ શ્રીગોવિંદ................પરબ્રહ્મ૦
કરૂણામય કમલનયન કૃપાસિંધુ સરવ ચેન,
પૂરણકર્તા કિશોર ગુણ નિધાન ગોકુલચંદ—પરબ્રહ્મ૦

બાળાઓ:— ૨

ખીલે પુષ્પો મધુરાં પ્રભાતે
મનોહર ખીલે ભૂમી શીતળ સુગંધી પથનાવે-પુષ્પો.
માનવ પ્રેમ તેમ વિકાસે.
પ્રેમમય સહુ જગત ભાસે.
નિત્ય હુલ્લાસે, વૃત્ત વિલાસે,
શાણી સતી સેવે પિયુને સદાયે.
શાંતિ સંસારે સજાવે...........................ખીલે.

સત્યવિક્રમઃ— ૩

કેવી મનોહર લીલા અજબ આ !
જગમાં રહી છાઇ માયા પ્રભુની—કેવી૦
વાસો વસે એ જેના હૃદયમાં,
નાખે ડોલાવી એ વૃત્તી વિભુની—કેવી૦

રસિકઃ— ૪

સુણો નર શાણા સુણાવું શીખ સારી.
અહર્નિશ વિશ્વાસે ચાલે વિશ્વનો વ્હેવાર.
જીવનમાં એ સદાય સંગી,
ક્ષણભર જીવથી જુદાઇ ન થવાની—હાં.-સુણો.
પ્રભુ નામ વિશ્વાસે ભજતા મોક્ષ મળે નીરધાર
દીલમાહી વિશ્વાસ છાય તો—
સુખમાહી જીંદગી સદાયેરે જવાની—હા.

ભદ્રા સખીઓઃ— ૫

ગરબો.

કેવી ખીલી આછી વસંત કેરી રાતરે ?
સાહેલી મંદ પવન લ્હેર દીલને ડોલાવતી.
તારલા ઝબુકે કંઈ અજબ તેજ ગુંથતા.
અહા કેવી મીઠી વહે અમીરસ ધારરે—સાહેલી.

ધવલ રંગ અંગે ધર્યો વસુધરાએ આજ,
ધવલ ચંદ્રને જોઇને સ્મિત કરે સહુલાજ.

રતિ કંથ રંગ રાગમાં વિરાજતોરે.
યોગી ભોગી માયામાં ફસાયજો,
જોર જામ્યું શુ વસંતનુ રે.

કંથ વિયોગી કામિની વિરહે વ્યાકુલ થાય,
સરવર અશ્રુનાં ભરે શ્યામા સેજે ન્હાય.

નયને નીંદલડી નામે ન આવે,
વ્હાલમજીની રઢ લાગી સલુણા શ્યામ ક્યારે હું નીહાળું ?
આવો વિલાસી લાલ આવો છબીલા,
રસિયાજી શાને રીસાયા ? મનાઓ નાની નણુદીના વીરા.

સખી:— ૬

રમઘેલી બ્હેની આ લતા ભેટી રહી વૃક્ષે ભાવથી.
હસતીશી મંદમંદ એ ? કરતાં રમકેલી વ્હાલથી—રસ.
એવા પ્રીતિ સુખ લેતી, વિશ્વે પિયુ સાથ રહેતી,
હૃદયે અમીરસ ભરતી સહુ સુંદરી સુખમાં મ્હાલતા-રસઘેલી.

સખીઓ:— ૭

જોબનના રંગે રંગાયા છો બ્હેન
ચમકે નેહ ભર્યાં નેન ... ... ... .જોબનના.
ગાલે ગુલાબી લાલી છવાયે,
અંગે છવાયે રંગ રેલ .. .........જોબનના.
જાઓ પ્રિતમજી પાસે પધારો,
રંગ માણવા હો બ્હેન . ........ ....જોબનના.

સખીઓ:— ૮

સહિયર આવોને વળવો ભદ્રા બ્હેનને.
તેને આશીષ સારી હેતે બ્હેની આપોરે-વળાવો.
આના સંસારે સાહેલી બે જન્મ છે,
બીજો પરણ્યા પછીનો કહેવાયરે-વળાવો.

વારાંગનાઓ:—                    ૯

નાચો રૂમઝુમ કરી પુદડી ફરીએ અતિ ઉમંગ ધરી.
લચક મચક ડગલાં ભરીએ કટી મરોડથી,
ઠુમક ઠુમક કરી....................રૂમઝુમ કરી૦
લટક મટક લટકાં કરી તાલ વિવિધ તાનથી,
રંગમાં રમી, સંગમાં ફરી, રીઝવીએ રાજ નૃત્યથી,
સંગીત રસની રેલ રેલાવીએ સહુ સખી મળી–રૂમ૦

સીંહાસને બીરાજીયા ભાગ્યવંત ભૂપાલ,
સામંતોના ચક્રમાં શોભે દીનદયાલ.

સુખી કરો પ્રજા પાળીને પ્રેમથી દયા દીલ ધરી–રૂમ૦

ચોપદાર:—                    ૧૦

સુણો સામંતો ! ધીર ધીમંતો ! રાયતણી શુભ આ આજ્ઞા.
રૈયત પ્યારી, રાંક બિચારી, ને સુખકારી આ આજ્ઞા.
સહુ રૈયતના સુખ માટે છે રાજ્ય સદાયે મારૂં આ.
નિશદિન પળપળ, પુરજન રે સકલ,
સંકટમાં સ્થળ સ્થળ, દુઃખમાં રીબાય જવ.
આ ધન દોલત, સઘળી મીલકત,
પુરજન રક્ષણ કાજે અરપણ.
ગરિબ દુઃખી જે કોઇ સંકટે રીબાતા હોય,
દોલત ખજાના તણી ખરચો તમામ— સુણો૦

ગુરૂ:—                    ૧૧

કર્મ કથાકી બીથા જગ જોઈ,
સુખ દુઃખ સબ કર્મનતેં હોઇ—કર્મકથા૦

કોઉ કર કમલ કરત કીરત કલ,
કોઉ કરતલ કર કરત સદાઈ;
કોઉ નૃપવર હો છંવર ઢોલાવત,
કોઉ ઘરઘર માંગત ન અઘાઈ—કર્મકથા૦
કોઉ કર કર્મ નાકપતિ હોઈ,
કોઉ નરકનપર બીપતિ બીગોઈ;
કુકર્મ કર્યો અસુરપતિ રાવન,
સુવર્ન લંક પલકમેં ખોઇ—કર્મકથા૦

ભદ્રાઃ— ૧૨

વ્હાલા છબ સુંદર તારી.
શી મનહર કામણગારી ?
જાઉં મનમોહન વારી.
તન મન ધન દઉં ઓવારી—વ્હાલા.
રતિપતિ તુજ કાન્તિથી લાજે,
ચંદ્ર રહે છુપાઈ,
મુજને કીધી દીવાની,
સર્વ સુખ તુજમાં હું દેખું,
જાઉ પિયુ બલીહારી............શી.

૧૩

માલતીઃ—શાણી સુજાણ શું થાયે અજાણ? તું મારૂં કહેવું માન.
ભદ્રાઃ—ધુતારી જા જા કોને તું સમજાવા આવી?....શાણી.
માલતીઃ—ન બન નાદાન સાનમાં સમજી જા તું શાણી બ્હેની.
છેવટ હઠમાં થાશે હાની.
ભદ્રાઃ—જા દૂર થાતું એ હેવાન.......................શાણી.

**માલતી:**—ઇનકાર નકર જા પ્યાર તું કર એ ભાવી પતિ થાશે તારો.
મમતા કર માં સમજી દીલમાં,
કઇ રોષ તજી દે આ તારો . ન બન.

૧૪

**માલતી:**—શ્યામ સુંદર ઘેલા ન થાઓ,
અલબેલા જાઓ જાઓ.
રસિયા જરી શરમાઓ,
રસઘેલા ના સતાવો.

રસિક—આ ભોગી ભૃંગ દીવાનો.
તવ રૂપ ગુણથી મસ્તાનો.
શીદ વ્યાકુળને તરસાવો હવે ?
રસ ભોગીને રસ પાઓ—શ્યામ.

ભદ્રા: ૧૫

રંગીલો મદિરા શાણા માગ રાજ
પ્રેમે પીઓ રંગભીના—નગીના—રંગીલો૦
ભર કટોરી રસ રંગતણી પીઓજી રાજ—રંગીલો૦

રંગીત પ્યાલો કાચનો મધ રંગીલો સાર,
રંગે કરમા લઈ પીઓ રંગીલા સરદાર—પ્રેમે૦
સ્નેહ ભરી આ ચીજ છે સ્નેહ ભર્યા છો આપ,
સ્નેહે કરમા લઇ પીઓ ટાળો મનના તાપ—ભર૦

ભદ્રા:— ૧૬

વ્હાલારે સપડાણી દાગ !
ક્રૂર વિધિએ છેડી, પ્યારા !

ક્યારે પામું દર્શન ત્હારાં ?
ક્યાં તું રાજે છે ?
પાણી સ્નેહ તણું ના પીધું,
પાપીએ તો ઝેરજ દીધું,
ચાતુરીએ એ નાંહી લીધું.
એ તું જાણે છે ?

દાનીયોઃ— ૧૭

કેવી નસીબની બલીહારી ભાઇ ?
ફરી દોલત મળી આ હવાઇ.
ત્રુઠયા રાજાજી વીટી નવાજી.
હેજી વાહ ! વાહ ! વાહ ! વાહ !
આનંદ આનંદ આજે થયો મારે ભાઇ.
લ્હેર લૂંટહુ, મોજ માણુહુ, કરી હેઠાઈ—કેવી૦

રાજાવિક્રમઃ-- ૧૮

દીલને હવે નાહી ઘડીનો વિરામ.
શીળવતી સુંદરી પ્રેમાળ,
હતી સતી બાળ, તજીમે અકાળરે—દીલને
હાયે એ હઠ શી લીધી ?
પરીક્ષા શાને કીધી ?
મતિ શું ધીટ થઇ મારી ? પ્રેમમાં પ્રજાળીરે.—દીલને.

રસિકઃ— ૧૯

જીવનની જાળ છે એની,
પ્રીતિ તારે રસેલીરે.

પ્રીતિ આ સંસારમાં જીવનકેરો સાર.
ભિન્નરૂપ પણ એક છે પ્રીત સંપ નિરધાર.
જે વસ્તુ તદ્રુપ થઈ પ્રીતિ સાથ જડાઈ,
સુખ દુઃખ પ્રભુપદ જે કહો પ્રીતે રહ્યાં સમાઇ.

---

પ્રીતિ એ સ્વર્ગની દેવી, વધાવી સર્વને લેતી,
દયાળી સર્વના દીલમાં પ્રીતિ તારે રસેલીરે—જીવન.

## અંક ૨ જો.

---

ભદ્રાઃ— ૨૦

અંતરે હર્ષ છવાયે—સખી શાને?—અંતરે.
પિયુના વિયોગે આ બાલાનું જે,
નિશદિન હૃદય ચિરાયે,
શાત બને શે આજે અલી ! એ ?
પ્રાણ વિના હુલ્લાસે—સખી શાને?—અંતરે.
બુદ્ધિ મારી શુ બદલાયે ?
ધર્મ મારાથી ભુલાયે.
લોક કહે મને મૂર્ખ ભલે પણ,
લાજ ન આવે જરાયે—સખી શાને ?—અંતરે.

ભદ્રાઃ— ૨૧

સ્વીકારજો સ્નેહ તણા મહેમાન !
સ્નેહભીનાં મારાં મીઠા સન્માન.
પુણ્યશાળી મારા મીઠા મહેમાન.
આપું રાજ દિવ્ય પ્રીતિ કેરાં દાન—(હું)
સ્નેહ અલૌકિક સાહ્યબા મારો,

ચાખો મીઠા મીજમાનરે.
યૌવન ઝૂલે ઝુલાવું રસીલા,
નિત્ય પાઉં મધુર પ્રેમપાન—આપું.
સ્નેહે પિયુ મારાં ઉર આંગણુલાં,
દીપાવો મીઠા મહેમાનરે.
અંતર આવાસે વિરાજો રસીલા,
જમો ભાવનાં ભલાં ખાનપાન—આપું.

૨૨

**સવાઇવિક્રમઃ**—પ્રેમી બાલ તું પ્રાણાધાર,
આવો હૈયે હું ઝુલાવું.
**ભદ્રાઃ**—રંગીલા છેલાને રંગે ભીંજાવું.
**સવાઇવિક્રમઃ**—પ્રીતિની દેવીને પ્રેમે વધાવું.
**ભદ્રાઃ**—વ્હાલાને પ્રેમઘુંટ પાઇ રીઝાવું—આવો.
પ્રીતિના શાંતિથી પાઠો પઢાવું.
**સવાઇવિક્રમઃ**—હૈયામાં હર્ષે વ્હાલીને વસાવું.
**ભદ્રાઃ**—સુણાવી પ્રેમગાન મસ્ત બનાવું—આવો.

**સુરઃ**—

૨૩

મન પછતઇયે અબસર બીતે,
દુર્લભ દેહ પાય હરિપદ ભજ;
કર્મ બચન અરૂહિતે—મન૦
સહસ્ત્ર બાહુ દસસિસ આદિ નૃપ, બચે ન કાલ બલીતેં,
હમહમ કર ધન ધામ સંભારે, અંત ચલે ઉઠ રીતે-મ૦
સુત દારાદિ જાન સ્વારથ રથ કરન ન હે સબહીતેં,
અંતહુ તોય તજેંગે પામર, તું ન તજે અબહીતેં-સ૦

અબ નાથહી અનુરાગ જાગ, જડ ત્યાગ દુરાસા જીતેં,
બુઝે ન કામ અગ્નિ તુલસી કહું, બિષય ભોગ બહુ ઘીતેં-મ૦

સુમતી:— ૨૪

કોઈ કર્મતણા સંયોગે દુઃખણી થઇ હોય અતિશે.
આ કર્મ તણી, કહું શું કથની, આ જીવીત થયું સહું ઝેર.
કર્યો જે કેર નહિ કહેવાયે . . . . . દુઃખણી.

રાગરંગમા રાજતી પામી સુખ અપાર,
હતી માનવતી અતી, આ નીરાશ્રીત નાર.

એ વખતે મે, હઠ લીધી શે ? જે થઈ અતિશય દુઃખ દેણ.
માન્યું નહિં કેણ ફક્ત એ વાંકે મુજને તજી છે તુજ તાતે

ભદ્રા—સખીઓ:— ૨૫

જાઓ ખેલો રણજંગ ઉમંગે રાજ મારા રણધીર.
હાક જોઈ અરિ દીલમાં ધ્રુજે આવ્યો જાણે બળવીર.
સજો સાજ રાજવી મારા આજે મુને આનંદ છે અપાર.
વિજય પામી વળજો વ્હેલા શૂરા ધીરા મહાવીર.
રણઘેલા મારા રાજમણિ છો અટકી રણવીર—સજો.
રણમા ધુમી રણશૃંગ વગે ધ્રુજવજો રણવાટ.
સત્યતણી સમશેર સોહાવો ધીરજ કેરી ઢાલ—સજો.

સત્રાકવિક્રમ:— ૨૬

એ સરસ સત્ય ઉપયોગ લક્ષ્મીનો વિશ્વમાંહી કહેવાય.
કરો દાન પુન્ય શ્રીમાન ! દીનના જેથી દુઃખ કપાય.
ગરિબને આશ્રય દેવો એ શ્રીમંતને સોહાય.
જો લોભ વૃત્તિથી નહિં આપે તો પોતે પણ નહિં ખાય,

કરણી તેવી પાર ઉતરણી પુન્યે પુન્ય પમાય.
જે અણુસમજુ સમજે નહીં તે નર અંતઘડી પસ્તાય.
સ્વર્ગ પંથનું સાચું ભાતું આ જગમાં એ મનાય.
જે સુવર્ણસમ કીર્તિ સંચે તે સ્વર્ગે સુખીઆ થાય—એ

ભદ્રાઃ— ૨૭
આવો આવોરે વીલાસી દાસી દર્શતણી પ્યાસી—આવો.
નલખી વીતાવુ પિયુ દીનરાત કંઈ ચેન નહિ મુજને દીલમાંહી.
મીઠું રસીલું દીલ દર્દ છવાયે, શ્યામ પિયા એ શમાવો-આવો.
વિકસીત પ્રીતકળી રાજ આજ રસરંગભરી જાયે કરમાઇ.
પ્રેમ જલે એ પોષો રસીલા, આવો ઉમંગે ખીલાવો—આવો.

૨૮
ભદ્રાઃ—ગોરા ગાલો ગુલાબી પ્રેમ રંગે રંગાશે.
ઝલકાશે, છલકાશે,
પ્રીતિબિંદુ, આનંદે, હસતે, મુખેરે છવાશે—ગોરા.
સવાઇવિક્રમ—ચંદા ખીલે ત્યારે કુમુદ વિકસે આનંદરેલી રેલાયે.
આનંદ ભરતાં—અમૃત ઝરતાં
વિશ્વે વિહરતા સુખીઆં થતા—ગોરા.

ભદ્રાઃ— ૨૯
મારા નાથને કહેજો પ્રણામરે.
કહેજો સર્વે બીના, તેના નામ વિના નહિં અંતર અવર નામ—ક૦
પિયુતણા વચને હું પળી છું, તેની સેવાથી સુખી થઈછું.
મારૂં થયું છે કલ્યાણ, મારે જીવનની એ લ્હાણ.
કષ્ટ કસોટીથી શુદ્ધ થઈશું, વ્હેમો તમારા દૂર કરીશું.
આ અંતર જાયે ચિરાઈ, વ્હાલાં વ્હેરી થયા શું આમ ?
આજ્ઞા ધરૂં શીરે હું સાસુજી સેવુ હવે વનવાસ.
પિયુ નામ જપીશુ, સુખી થઇશુ, માયા તજીશું તમામ—મા૦

૩૦

કાનીઓ:—આવો મારી પાતી થાઓ રાતી માતી
ખાઈ મબલખ માલ માલ.
આજ માલતું ઉડાવજે, રીઝાવજે, મનાવજે,
ઠમકે હાલજે, નેણુલાં મારજે,
કરજે મુને બેહાલ હાલ—આવો૦

પાતી:—પ્હેરી કડલાં ને કાંબી આજ લ્હેર કરૂં-(વાહવાહ)

છોકરો:—મોજ માણું બાપાની હુંગાતહું.
ખાંતેથી ખાહું મુંબઇનો મેવો, હલવો જલેબી ને હેવો
( વાહ વાહ )
આજતો આનંદસે દીવાળી જેવો દન્યસે-આવો૦

કેસર:—

૩૧

નથી જગમાંહી ભલાઇ-હમેશાં—નથી૦
ભલાઇ કરોના, ભલાઈ ધરોના—નથી૦
લુચ્ચાં જ્યાં ત્યાં ફાવે જગતમાં.
એજ ખરી ચતુરાઇ—હમેશાં—નથી૦
દુનિયાં જીતી દામ લેવા,
સાચી એજ સફાઇ—હમેશાં—નથી૦

ભદ્રા:—

૩૨

સંસારના રંગ રાગો દીલ ચાહે નાહીં.
મન સંતાપે બળે ભાન ભુલાવે,
થાય શૂન્ય આ હૃદય દુ ખથી તવાઈ.
માયા મેં તજી દીધી તજ્યાં સર્વ વ્હાલાં.
આ જીવીતે સુખ નાંહી મળે,
જીવન જાય વહ્યું પિયુના આધારે હવે—સંસાર૦

## અંક ૩ જો.

સવાઇવિક્રમ:— ૩૩

રજની શીતળ તિમીર જગ છવાયે.
ગગન મંડળ ઘનઘોર જણાયે,
ઝરણુ ગાન કંઇ ગાયે—રજની૦
સકલ જગત અતિ શાત જણાયે,
અજબ મધુર ઝમઝમ રસ છાયે,
ગહુનનાદ વનરાજ કરે કંઇ,
વિભુની વિભૂતી નિરખાયે—રજની૦

યક્ષણીઓ:— ૩૪

આવો સહુ સજની અંતર હરખથી,
આજે આ જગત ખીલવવા.
શી મદઘેરી આ રાતલડી આજે છાઇ ?
તારકના તેજમાંહી, સુદર રંગે રંગાઇ.
તેના તેજમા રહો ગુંથાઇ,
વિમલ હૃદયની સહુ શક્તિ તમે,
બની દિવ્ય જગમાં રેલો તેજની પ્રભા—આવો૦

૩૫

**માલતી:**—આવો શાણા પ્રિતમજી રંગ રાગ ખેલો પાતળીઆ.
**રસિક:**—પ્રેમ વારી,,છાંટોજી આનદમાં,
થાય ટા.ક મધુરી આ તનમાં.
**માલતી·**—શીતળ વાયુથી શાંતિ પ્રસારૂં.
**રસિક:**—ભરી શીતળતા તારા વચનમા.
આનદ લ્હેરો, હૈયામાં ઝીલો.
**માલતી**—રાજ આજતો આનંદ મારા દીલમાં
ણુ સમાય ના....શાણા.

નાચનારીઓ:— ૩૬

ઘરઆરે પ્યારે પ્રેમ લગાય દુઃખ દે ગયો.
ભોંહ કબાન બાન નયનનકે,
તકતક મારે ગિરાય ચુરાય ચિત લે ગયો—ઘર૦
સારી સારી રતીઆં લગાય મોહે છતીઆં,
પ્યારકી બતીયાં સુનાય આવન ફીર કહે ગયો—ઘર૦
ભૂષન બસન ન ભસ્મ મલુંતન,
ધ્યાન ધરત મોહનીઆં-જોગનીઆ કરકે ગયો—ઘર૦

---

કેસર:— ૩૭

અજી વાહવાહજી મુદરીઆ મોરી, લે ગઇ મછલીઅ
મયઁ જલ જમના હાથ ધોય રહી,
છીટક ગીરી મોરી પ્યારીરે મુદરીઆ—અજી૦
રૂનીયે પિયા બીન લાયે મુદરીયા.
તોસે ન બોલું મયતો સારી ઉમરીયા—અજી૦

---

૩૮

કેસર—વાવાજી વાહ ઓ નાદાન શુ ખુમારી તારી !
પળમા હુ દઉ ઉતારી.
ભદ્રા—હું છું બાળા બિચારી.
કેસર—લુચ્ચી તું દાસી મારી.
ભદ્રા—હું છું કુળવાન બાઇ-
કેસર—ભીખારી બિચારી નારી—વાવાજી૦
ભદ્રા:—વેષ્યા નાદાન તું હેવાન આ જગતઃ કહેવાયે,
રાણી કુળવાન તુજ નાદાનની દાસી નવ થાયે.
કેસર:—જોઈ તું શાણી રાણી,
ચુપકર આ તારી વાણી.

ભદ્રા—જોયા ધંધા, દુષ્ટા રંડા,
તારા કેવા, ફાંસા ફંદા ?
હેવાનો જાતા સપડાઈ—વાવાજી૦

ભદ્રા:— ૩૯

ખમ્મા ખમ્મા તુજને કાલાઘેલા લાડકા.
* * * *
તું તો આ દુખણીને અંતરનો આરામ.
* * * *
હરખાઉ જોઇને મીઠું તારૂં મુખડું.
* * * દીપાવો માની કુખ,
* * * હું પામું તુજથી સુખ,
વારી જાઉ તુજપર વ્હાલા: મારા બાલુડા—ખમ્મા૦

વારાંગનાઓ:— ૪૦

મહીપતિ મુગટમની, ધ્રુવ ધર્મજ્ઞ ધની,
પુરજન પરમ મગન દેખદેખ દીનમની સમ સારે—મહીપતિ.
નિસદિન મનપાન ગાન,
હાગન માલ જહાં તહા પિયહુ પ્રેમ પ્યારે.
રાજ તાજ નરપતિ સિર ધારે—મહીપતિ.

સર્વ:— ૪૧

સહુ ગાઓ બીજધર પ્રિયવરનો જયરે.
સકળ પ્રજાજનો . . . ...સહુ.
સત્યતણા સ્હાયકએ, સુખકરતા દીનના તારકએ.
પ્રિયકર, અસુરહરા, વિજયવરા, ધરણીધરા.
દુખ સંહરતા, ગરવ ગંજન શ્રીવરા.
ગણુ શરણમાં સ્થાપો,
દાતા અમીદૃષ્ટિ તુજ અનુજ ચહે— સહુ

समाप्त